# સચ્ચાઈ જાણો

પ્રિય રોકાણકારો,

ઘણાં વર્ષોથી નેશનલ સ્ટોક એક્સચેંજ (એમનએસઈ) એ રોકાણકારોના લાભાર્થે સીક્યોરિટીઝમાં ઑનલાઈન ટ્રેડિંગ, સેટલમેંટ ગૅરંટી, ઈન્ટરનેટ આધારિત ટ્રેડિંગ, ડેરિવેટિવ્સ ઈત્યાદિની રજૂઆત કરી છે. રોકાણકારના હિતોનું રક્ષણ કરવાના અમારા અનુભવના આધારે અમે તમારી સાથે એવી કાર્ય પદ્ધતિના અંશો વહેંચવા માગીએ છીએ જે તમારે ખાસ અનુસરવા જોઈએ. આ માર્ગદર્શિકા તમારી ફરિયાદો ઓછી કરવામાં તેમજ એક્સચેંજ પર કરાતા ટ્રાન્ઝેક્શનો માટે એનએસઈ દ્વારા રજૂ કરાયેલા ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડ અંતર્ગત સુરક્ષા પૂરી પાડવામાં ઘણી ઉપયોગી બનશે.

**ટ્રેડિંગ માટેની સુરક્ષિત માર્ગદર્શિકા :**

- માત્ર SEBI મા રજિસ્ટર્ડ થયેલા ઈન્ટરમીડિયરીઝ મારફત જ સીક્યોરિટીઝની લે–વેચ કરો.
- ઈન્ટરમીડિયરી (બ્રોકર/સબ બ્રોકર) માન્ય SEBI રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ ધરાવતો હોય તે ખાતરી કરો.
- તમારા બ્રોકર/સબ–બ્રોકર સાથે નિયમો અને શરતો સ્પષ્ટ કરી કરાર કરો.
- તમે ''નૉ યૉર ક્લાયંટ'' ફૉર્મમાં તમારી બધી જ વિગતો જણાવી છે તેની ખાતરી કરો.
- તમે ''રિશ્ક ડિસક્લોઝર ડૉક્યુમેંટ'' કાળજીપૂર્વક વાંચો અને સમજી લો એ ખાતરી કરો અને પછી જ સ્વીકૃતિ આપો.
- દરરોજ કરેલા સોદા માટે માત્ર તમારા બ્રોકર દ્વારા ઈશ્યૂ કરાતી કૉન્ટ્રાક્ટ નોટનો જ આગ્રહ રાખો.
- તમારા બ્રોકર પાસેથી તમે ટ્રાન્ઝેક્શન કર્યાના 24 કલાકમાં જ કૉન્ટ્રાક્ટ નોટ મળી છે એની ખાતરી કરો.
- કૉન્ટ્રક્ટ નોટમાં બ્રોકરનું નામ, સોદાનો સમય અને નંબર, ટ્રાન્ઝેક્શન કિંમત, બ્રોકરેજ, સર્વિસ ટૅક્સ, સીક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટૅક્સ ઈત્યાદિની વિગતો આપી હોય અને તે બ્રોકરના અધિકૃત સહીકર્તા દ્વારા સહી કરાઈ હોય તે ખાતરી કરો.
- ટ્રાન્ઝેક્શનો સાચાં છે કે ખોટાં તે ચકાસવા એનએસઈની વેબસાઈટ (www.nseindia.com) પર લૉગ ઑન કરો એનએસઈ દ્વારા www.nseindia.com/content/equities/eq-trdverify.htm. પર આપવામાં આવેલી ટ્રેડ વેરિફિકેશન સુવિધા પર જાઓ. જરૂરી વિગતો ભરો. સુવિધા બધા જ સાચાં ટ્રાન્ઝેક્શનોની ખાતરી કરશે અને તે સોદો કર્યાની તારીખથી 5 દિવસ સુધી ઉપલબ્ધ રહેશે.
- માત્ર તમારા બ્રોકરના નામના જ પેઈ ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ આપો, જે બ્રોકરની કોન્ટ્રક્ટ નોટ/SEBI રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ પર દર્શાવ્યું હોય.
- તમારી જવાબદારી પૂરી કરવા તમારા બ્રોકરને શૅર્સની ડિલીવરી આપતી વખતે ડિલીવરી ઈન્સ્ટ્રક્શન્સ માત્ર તમારા બ્રોકરના ડેઝિગ્નેટેડ અકાઉન્ટમાં જ કરવામાં આવે એ ખાતરી કરી લો.
- તમારા બ્રોકર પાસેથી ફંડસ અને સીક્યોરિટીઝના અકાઉન્ટનું મુદતી સ્ટેટમેંટ મેળવવા આગ્રહ રાખો. તમારું અકાઉન્ટ તમે તરત જ ચકાસી તાળો મેળવી લો એ ઘણું જ મહત્વનું છે અને જો કોઈ ક્ષતિ જણાય તો તરત જ તમારા બ્રોકરને તેના વિશે જણાવો.

**''સીક્યોરિટીઝ માર્કેટમાં કોઈપણ સંભાવિત અનિચ્છનીય ટ્રેડિંગ પ્રેક્ટિસ સંદર્ભે રોકાણકારોના હિતના મહત્વને સમજતા એક્સચેંજ દ્વારા ટોલ ફ્રી ટેલિફોન સુવિધા પૂરી પાડવામાં આવી છે. જ્યાં રોકણકારો તેમનાં સૂચનો/ફરિયાદો અંગ્રેજી અથવા હિન્દીમાં રેકૉર્ડ કરી શકે છે. એક્સચેંજ રોકાણકારોને સંપૂર્ણ ગોપનીયતાની ખાતરી આપે છે.''**
**ટોલ ફ્રી ટેલિફોન નં.**-1800 22 0051.

**આ માર્ગદર્શિકા તમારા લાભ માટે છે. તેનો અમલ કરો.**

**નૅશનલ સ્ટૉક એક્સચેંજ ઑફ ઈન્ડિયા લિમિટેડ**
''એક્સચેંજ પ્લાઝા'', વાંદ્રા–કુર્લા કૉમ્પ્લેક્સ, વાંદ્રા (પૂર્વ), મુંબઈ–400 051.
ફોન : 91–22–26598100–8114. ફૅક્સ : 91–22–26598120. ઈ-મેલ : cc_nse@nse.co.in
કૃપા કરી અમારી વેબસાઈટની મુલાકાત કરો : www.nseindia.com એનએસઈ દ્વારા જનહિતમાં પ્રકાશિત.

CORNERSTONE/GF